સંદેશ, પાના નંબર.- ૨૬
તારીખ :- ૨૫/૦૮/૨૦૨૬.

### ૧૫૧ કિમી લાંબુ મેટ્રો નેટવર્ક પથરાશે, ૩.૩ કિમીમાં ત્રણ નવા સ્ટેશન

# મેટ્રોનો રૂ. ૧,૦૬૭ કરોડના ખર્ચે વિસ્તાર થશે, ગિફ્ટ સિટીથી શાહપુર સુધી ટ્રેન દોડશે

## એરપોર્ટ અને સાણંદ સુધી કનેક્ટિવિટીનો મહત્ત્વનો પ્રસ્તાવ પણ તૈયાર

। અમદાવાદ ।

કેન્દ્રીય કેબિનેટે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨ હેઠળ ગિફ્ટ સિટીથી શાહપુર સુધીના ૩.૩૩ કિલોમીટર લાંબા નોર્થ-સાઉથ કોરિડોરના વિસ્તરણને મંજૂરી આપી દીધી છે. અંદાજે રૂ.૧,૦૬૭.૩૫ કરોડના ખર્ચે સાકાર થનારો આ પ્રોજેક્ટ આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ નવા રૂટ પર ત્રણ એલિવેટેડ સ્ટેશનો બનાવવામાં આવશે, જે ગિફ્ટ સિટીમાં કાર્યરત હજારો કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે વરદાન સાબિત થશે. શહેરની વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને કુલ ૭ નવા રૂટના પ્રસ્તાવ મોકલવામાં આવ્યા છે. જેમાં એરપોર્ટ કનેક્ટિવિટી, સાણંદ અને નારોલ-નરોડા જેવા મહત્વના વિસ્તારોને જોડવાનું આયોજન છે. આ તમામ મંજૂરીઓ મળતા ભવિષ્યમાં અમદાવાદમાં કુલ ૧૫૧.૦૩ કિમી લાંબુ મેટ્રો નેટવર્ક તૈયાર થશે.




### વર્ષ ૨૦૨૯ સુધીમાં દૈનિક ૨૩,૦૦૦થી વધુ મુસાફરોને લાભ થશે

આ પ્રોજેક્ટ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા અમલમાં મૂકાશે, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ૫૦-૫૦% ભાગીદારી રહેશે. હાલમાં અમદાવાદ-ગાંધીનગરમાં ૬૮.૨૮ કિમી લાંબો મેટ્રો રૂટ કાર્યરત છે, જેમાં ૫૩ સ્ટેશનો દ્વારા દૈનિક ૧.૬૦ લાખ મુસાફરો મુસાફરી કરે છે. નવા વિસ્તરણથી વર્ષ ૨૦૨૯ સુધીમાં દૈનિક ૨૩,૦૦૦ થી વધુ અને ૨૦૪૧ સુધીમાં અંદાજે ૫૮,૦૦૦ મુસાફરોને લાભ મળવાની ધારણા છે.

**આગામી સૂચિત રૂટ આ હશે ।** ■ એરપોર્ટ મેટ્રો કનેક્ટિવિટી ■ થલતેજ ગામ થી ગોધાવી અને સાણંદ ■ જીવરાજ-નારોલ-નરોડા-સિવિલ ■ પાલડી-દાણીલીમડા-કાંકરિયા